# ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન
## ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લીમીટેડ

એચ-31 થી 34 અને એચ-53, ઈ.એસ.આઈ. હોસ્પિટલ સામે, જીઆઇડીસી એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-382415. ફોન નં. :079-22871202, મો નં. : 9409367407.

**ઓઢવ બુલેટીન**

ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.

પરીપત્ર નં.: 06/2023-24
તારીખ : 16/01/2024

**BY THE MEMBER - OF THE MEMBER - FOR THE MEMBER**



**પ્રમુખ**
શ્રી મુકેશ વેકરીયા
22892302

**સી. ઉપપ્રમુખ**
શ્રી પરેશ પટેલ
22974559

**ઉપપ્રમુખ**
શ્રી દિવ્યેશ લાડવા
22870002

**માનદમંત્રી**
શ્રી રાજેશ પટેલ
22890011

**ખજાનચી**
શ્રી કિરણ પટેલ
9825067399

**સહ માનદમંત્રી**
શ્રી પ્રેરક પટેલ
22970874

**સહ માનદમંત્રી**
શ્રી દર્શન મહેતા
22871924

**સહ ખજાનચી**
શ્રી ધર્મેન્દ્ર પંચાલ
9376198218


**WELCOME**
**2024**
**Happy New Year**



**જય શ્રી રામ**

**પ્રમુખ સ્થાને થી....**

પ્રિય ઉદ્યોગકાર મિત્રો,

Happy New Year 2024 !!! May the next 365 days would be a journey of growth, happiness, and success.

આગામી 22 જાન્યુઆરી 2024ના રોજ અયોધ્યા ખાતે નવ્ય, ભવ્ય અને દિવ્ય શ્રીરામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થશે. સમગ્ર દેશની જનતા ખૂબ આનંદ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે આ દિવસની ઉજવણી કરશે. ઓઢવ ઈન્ડસ્ટ્રી એસોસિએશન પણ આ પવિત્ર દિવસને ભવ્યતાથી ઉજવાય તે માટે દરેક સભ્ય મિત્રોને ભગવા ધ્વજનું વિતરણ કરવામાં આવ્યું છે. હું આપ સૌને આ પ્રસંગે અભિનંદન આપુ છું.

હું ગુજરાત સરકાર અને અધિકારીઓની સમગ્ર ટીમને Vibrant Gujarat-2024 ના સફળ આયોજન બદલ હાર્દિક અભિનંદન પાઠવું છુ. ઓઢવ ઈન્ડસ્ટ્રીઝમાંથી ઘણા બધા મિત્રોએ એમાં MOU કર્યા હશે તેવી આશા રાખું છુ.

મિત્રો, આપણે દર મહિને વ્યક્તિત્વ વિકાસ તેમજ ઔદ્યોગિક વિકાસ માટે મદદરૂપ બને તેવા મુદ્દાઓ આધારિત ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કરી દીધા છે. ગત મહિને "Learning Skill " ના વિષય પર સફળ સેમિનારનું આયોજન થયું જેમાં આપણાં ઉદ્યોગકાર મિત્રો અને તેમના સ્ટાફ મિત્રોએ લાભ લીધો. આપણે ઉદ્યોગકાર મિત્રો અને કર્મચારીઓના આર્થિક અને વ્યક્તિત્વ વિકાસ માટે આખા વર્ષ દરમ્યાન જે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે તેની માહિતી આ સાથે આપેલ છે જેનો લાભ દરેકને લેવા અનુરોધ કરુ છું. આ મહિને આપણે અમદાવાદનાં સમગ્ર પૂર્વ વિસ્તારના લોકોને સેમીનારોનો લાભ મળી રહે તેવા હેતુથી AMA સાથે MOU કરી રહ્યા છીએ. જેની આપને ટૂંક સમયમાં જાણ કરવામાં આવશે.

આપણી GIDCની કાયા કલ્પ કરવાના ભાગ રૂપે આપણે દરેક રોડના ઉદ્યોગકારો સાથે રોડ વાઈઝ મિટિંગ કરવામાં આવી રહી છે અને અમને આપના તરફથી મળતા સૂચનો અનુસાર કાર્યો કરવાનું આયોજન ચાલી રહ્યું છે. હું દરેક સભ્યમિત્રો પાસે આશા રાખુ છું કે આપણા યુનિટની આજુબાજુ તેમજ ગ્રીન સ્પેસમાં સ્વચ્છતા જાળવીએ, આપના યુનિટ દ્વારા ગટરમાં છોડવામાં આવતા પાણીમાં કોઈપણ જાતના કેમિકલ અથવા એસિડિક તત્વો ના હોય તેની ખાસ કાળજી રાખીએ. એસોસિએશન દ્વારા આપવામાં આવતી સ્વચ્છતા અંગેની નોટિસોને ગંભીરતાથી લઈએ. આવો સૌ સાથે મળી ઓઢવને રાજ્યની સર્વ શ્રેષ્ઠ GIDC બનાવીએ.

આપ સૌને મુકેશ વેકરીયાના જય શ્રી રામ...

મુકેશ વેકરીયા (પ્રમુખશ્રી)
ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## "AMA સાથે વિવિધ સેમીનાર કરવા અંગે મીટીંગ

**તા.19-12-2023 ને મંગળવારના રોજ ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફીસ ખાતે અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું.** આ મીટીંગ દરમ્યાન અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) ના પ્રમુખ શ્રી સાવન ગોડીયાવાલા સાથે શ્રી પદમીનભાઈ, શ્રી ઉમેશભાઈ અને શ્રી જયમીનભાઈ સાથે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ શ્રી મુકેશભાઈ વેકરીયા ઉપપ્રમુખ શ્રી દિવ્યેશભાઈ લાડવા, માનદમંત્રી શ્રી રાજેશભાઈ પટેલ સાથે તમામ ઓફીસ બેરર્સ આ મીટીંગમાં હાજર રહ્યા હતા. જેમાં AMA ધ્વારા ચાલતા વિવિધ સેમીનાર અને ટ્રેનીંગ કાર્યક્રમો વિષે વિગતવાર ચર્ચા કરવામાં આવી. સાથે તેમના દ્વારા અને તેમના સહયોગથી ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ખાતે વિવિધ પ્રકારના સેમીનાર અને કાર્યક્રમોનું આયોજન કરવા અંગે ચર્ચા પણ કરવામાં આવી.

સભ્યમિત્રો, **ગણતરીના દિવસોમાંજ આપણે AMA સાથે મળીને આપણા એસોસીએશન ખાતે સારી ફેકલ્ટી અને સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે વિવિધ સેમીનાર તેમજ ટ્રેનીંગ કાર્યક્રમોનું આયોજન કરીશું.** ઓઢવ જીઆઈડીસીમાં તો ખરી જ પરંતુ તેની આજુબાજુ આવતા તમામ વિસ્તારોને લાભ મળે તે હેતુથી આ કામગીરી કરવામાં આવશે.

તમામ સભ્યશ્રીઓને વિનંતી કે, આ કાર્યમાં સાથ સહકાર આપશો.





## એસોસીએશન ધ્વારા યોજાયેલ ટ્રેનીંગ કાર્યક્રમ અંગે

**તા.30-12-2023ને શનિવારના રોજ બપોરે 03:00 થી 05:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "Learning Skills : Learn and Develop others effectively" વિષય ઉપર એક ટ્રેનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેના વક્તા ડો. શ્રી દિવ્યેશભાઈ લાડવા હતા.** કાર્યક્રમની શરૂઆતમાં દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું ત્યારબાદ ડો. શ્રી દિવ્યેશભાઈ લાડવા ધ્વારા **"Learning Skills"** અંગે ખુબ જ મહત્વની જાણકારી આપવામાં આવી. આ દરમ્યાન ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખશ્રી, માનદમંત્રીશ્રી તેમજ અન્ય હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ખુબ જ મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. હવે **તા.27-01-2024** ના રોજ **"Stress Management"** વિષય ઉપર સેમીનારનું આયોજન કરેલ છે. જેથી સૌને વિનંતી કે એસોસીએશનના સંપર્કમાં રહી અને વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી.








પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે મીટીંગ

ભારતની અસ્મિતા સમાન શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સવંત 2080 પોષ સુદ 12 ને તા.22-01-2024 સોમવારના શુભદિને થવા જઈ રહી છે. તેના અનુસંધાને **"રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)" ધ્વારા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંગે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન હોલ ખાતે તા.12-01-2024ને શુક્રવારના રોજ બપોરે 03:00 થી 05:00 કલાકે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિશ્વ હિંદુ પરિષદના પૂર્વ વિ. મંત્રી શ્રી નૈનેશભાઈ શર્મા, મહાનગર અધ્યક્ષ શ્રી હસમુખભાઈ પટેલ અને બાપુનગર જીલ્લા અધ્યક્ષ શ્રી બીપીનભાઈ પંચાલ, "રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)" ના વિભાગ સેવા પ્રમુખ શ્રી મોહનસિંહ, લઘુ ઉદ્યોગ ભારતી, કાર સેવક અને આપણા એસોસીએશનના પૂર્વ પ્રમુખ શ્રી નિખીલભાઈ પટેલ સાથે એસોસીએશનના પ્રમુખ શ્રી મુકેશભાઈ વેકરીયા, સી. ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી દિવ્યેશભાઈ લાડવા, માનદમંત્રી શ્રી રાજેશભાઈ પટેલ, ખજાનચી શ્રી કિરણભાઈ પટેલ, સહમાનદમંત્રી શ્રી દર્શનભાઈ મહેતા અને સહખજાનચી શ્રી ધર્મેન્દ્રભાઈ પંચાલ સાથે અન્ય હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સભા સંચાલન એસોસીએશનના માનદમંત્રી શ્રી રાજેશભાઈ પટેલ ધ્વારા કરવામાં આવ્યું.**

આ દરમ્યાન ઉપસ્થિત આગેવાનો ધ્વારા તા.22-01-2024 ને સોમવારના રોજ ઘેર-ઘેર દિવાળીનો માહોલ ઉભો કરવા અને વાતાવરણને ભક્તિમય કરવા અપીલ કરી હતી.

જય શ્રી રામ.... જય શ્રી રામ....











## ગ્રીનસ્પેસમાં સ્વચ્છતા જાળવવા બાબત

**ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લિમિટેડ દ્વારા સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે ઓઢવ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં સ્વચ્છતા માટે સઘન અભિયાન હાથ ધરેલ છે.** જે અંતર્ગત જી.આઈ.ડી.સી.માં આવેલ તમામ ગ્રીનસ્પેસ સાફ કરેલ છે. પરંતુ આ અભિયાનમાં અડચણરૂપ કેટલાક એકમો તથા તેના કર્મચારીઓ દ્વારા પ્લોટની પાછળ ગ્રીનસ્પેસમાં ગંદુ પાણી તથા કચરો ખુલ્લો નાખવામાં આવે છે જેનાથી ખુબજ ગંદકી ઉદભવે છે અને ગ્રીનસ્પેસ વારંવાર સાફ કરવા છતાં ફરી હતી તેવી સ્થિતિમાં થઇ જાય છે. માટે આપસૌ મિત્રોને જણાવવાનું કે આપ આપના ડોમેસ્ટિક ગંદા પાણીનો આપની ડ્રેનેજ લાઈનમાંજ યોગ્ય રીતે નિકાલ કરશો તથા તૂટેલી કે લીકિજ થતી પાણીની લાઈન તાત્કાલિક બદલાવી નાખશો. **ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો કચરો ગ્રીનસ્પેસમાં નાખશો નહિ અને જો કોઈ એકમ કે એકમનો કર્મચારી નાખતો જણાશે તેના પર દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી. આપ સૌના સહકાર થકીજ આપણે ક્લીન ઓઢવ, ગ્રીન ઓઢવનું વિઝન સાકાર કરી શકીશું.**

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## રોડ નંબર 13, 14, 15, 16 અને 17 ઉપરના એકમો સાથે મીટીંગ

**(1) રોડ નંબર 13 અને 14 ની તા.11/12/2023 ના રોજ,**
**(2) રોડ નંબર 15 ની તા.13/12/2023 ના રોજ,**
**(3) રોડ નંબર 16 અને 17 ની તા.19/12/2023 ના રોજ,**

**બપોરે 03:00 કલાકે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફીસ ખાતે ઉપરોક્ત રોડ નંબર ઉપર આવેલ તમામ એકમોના ઉદ્યોગકારો સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું.** જેમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપર વિગતવાર ચર્ચા કરવામાં આવી.

- ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સર્વિસ અને બ્યુટીફિકેશન અંગે સૂચનો.
- કોઈપણ સરકારી તંત્રના નિયમો/કાયદાઓ અંગેની મુશ્કેલી હોય તો ચર્ચા.
- વેલફેર અને મોટિવેશનલ પ્રવૃત્તિઓ અંગેની ચર્ચા.
- આપના રોડ પર નવી મેમ્બરશીપ બનાવવા અંગેની ચર્ચા.
- આ ઉપરાંત અન્ય કોઈ પણ યોગ્ય મુદ્દાઓ પર ચર્ચા.
- દરેક સભ્યો એકબીજાથી પરિચિત થાય અને એકબીજાના ધંધાની માહિતી મળે જેથી આપણે શક્ય હોય તો જીઆઈડીસીમાં એકબીજાને ધંધો આપી શકીએ તે અંગે વિચારણા.
- ભવિષ્યમાં આ માટે આપણી ઓફિસ ખાતે નાનું એક્ઝીબીશન પણ ગોઠવવા અંગેની ચર્ચા.

**આવીજ રીતે હવે સમય અનુકુળતાએ તમામ રોડના એકમો સાથે મીટીંગ કરવામાં આવશે અને જે તે રોડ ઉપરની સમસ્યાઓ અને સૂચનો વિષે વિગતવાર ચર્ચા કરી તેના અમલીકરણ માટે યોગ્ય પગલાં લેવામાં આવશે.**

## ગટરના પાણી અંગે

આપ સૌ જાણો જ છો કે **છેલ્લા બે વર્ષ થી નામદાર હાઈકોર્ટના આદેશથી ઓઢવ જી.આઈ.ડી.સી.ની તમામ ડ્રેનેજના કનેક્શન એ.એમ.સી. દ્વારા કાપી નાખવામાં આવેલ છે. હાલમાં અત્રેની કચેરી દ્વારા કેમિકલ એકમો સિવાયના સભ્યોના ફક્ત ડોમેસ્ટિક ડ્રેનેજ વેસ્ટ વોટર સ્વીકારવામાં આવે છે, અને તેને પર્મ્પીંગ કરી CETP માં મોકલવામાં આવે છે.** દરેક સભ્યમિત્રને સહકાર આપી અત્રેની ડ્રેનેજ લાઈનમાં જરૂરિયાત પુરતું ફક્ત અને ફક્ત ડોમેસ્ટિક વેસ્ટ વોટરનો જ નિકાલ કરશો. હાલમાં અત્રેની કચેરી દ્વારા 24-કલાક ડ્રેનેજ વોટર ટેસ્ટીંગ અને મોનીટરીંગ ચાલુ છે. જો કોઈ સભ્ય ડ્રેનેજ લાઈનમાં એસીડીક વોટર/એફલુંએન્ટ નાખતા જણાશે, તો તેના તમામ પાણી તથા ડ્રેનેજ કનેક્શન કાપવાની ફરજ પડશે. AMC/GPCB દ્વારા લગાવવામાં આવેલ પેનલ્ટી વસુલવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેની સંપૂર્ણ જવાબદારી જે તે એકમની રહેશે. જેની ગંભીર નોંધ લેશો. જો આપના ધ્યાને કોઈ એકમ આવી પ્રવુતિ કરતુ જણાય તો તેની જાણ અત્રેની કચેરીએ કરશો.

## સર્વિસ રીક્વેસ્ટ અંગે (ફરિયાદ અંગે)

ઓઢવ ઔધોગિક વિસ્તામાં પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, કચરો, સાફ-સફાઈ, રોડ-રસ્તા વગેરે બાબતોને લગતી સર્વિસ રીક્વેસ્ટ (ફરિયાદ) હોય તો આપે નીચે આપેલ નંબર અથવા ઈ-મેઈલ ઉપર આપની કંપનીનું નામ, પ્લોટ નંબર, રોડ નંબર, ફરિયાદની વિગત અને જગ્યા, વ્યક્તિનું નામ, મોબાઈલ નંબર સાથે જે તે ફરિયાદનો ફોટો આપી **સર્વિસ રીક્વેસ્ટ નોંધાવી નંબર લેવા વિનંતી.** જેથી આપને સર્વિસ આપવામાં સરળતા રહે.

**મોબાઈલ નંબર : 9409367407 અને ફોન નંબર : 079-22871202**

**ઈ-મેઈલ આઈડી : odhaveidl@gmail.com અને oia_odhav@yahoo.com**

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...




હાલ આયુષ્માન ભારત ડીઝીટલ મિશન (ABDM) અંતર્ગત Ayushman Bharat Health Account (ABHA) જનરેટ કરવાની કામગીરીના અભિયાન રૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ ધ્વારા સ્લમ અને સ્લમ લાઇક વિસ્તારોમાં આરોગ્યલક્ષી સેવાઓ સરળતાથી મળી રહે તે હેતુ થી "આભા"કાર્ડ" બનાવવું ફરજીયાત છે. ઉપરોક્ત તસ્વીરમાં દર્શાવેલ QR Code Scan કરીને અથવા abha.abdm.gov.in ઉપર જઇને આપ "આભા"કાર્ડ" જાતે પણ બનાવી શકો છો.

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

# ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન
# ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લીમીટેડ

ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.

## ઓઢવ બુલેટીન

### બાકી મેમ્બરશીપ ફી અંગે

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની **મેમ્બરશીપ ફી ભરવાની અંતિમ તારીખ તા.30/09/2023 સુધીની જ હતી.** જે એકમોની મેમ્બરશીપ ફી ભરવાની બાકી હોય તેઓની મેમ્બરશીપ ફી નીચે મુજબની જે તે વર્ષ પ્રમાણે લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.

(1) શેડની સાઈઝ પ્રમાણે 1000 ચો.મી. થી ઓછા શેડ ઉપર રૂ. 100/- +18 % GST સાથે રૂ. 118/-.

(2) શેડની સાઈઝ પ્રમાણે 1000 ચો.મી. થી વધારે શેડ ઉપર રૂ. 150/- +18 % GST સાથે રૂ. 177/-.

ઉપરાંત હવે **મેમ્બરશીપ ફી, લેટ ફી સાથે ભરવામાં નહી આવે તો આપનું સભ્યપદ રદ થવાને પાત્ર રહેશે** તથા ત્યારબાદ ફરીથી નવી મેમ્બરશીપ લેવી પડશે. જેની ખાસ નોંધ લેશો.

### RTGS / NEFT ધ્વારા ચુકવણી અંગે

**ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન માત્ર મેમ્બરશીપ ફીના પેમેન્ટ માટે જ**

**ODHAV INDUSTRIES ASSOCIATION**

Bank Name : **The Ahmedabad Mercantile Co-Op. Bank Ltd.**
Bank Branch : **Odhav Branch**
Bank Account No.: **066011101004562**
RTGS/NEFT/IFSC : **AMCB0660011**
MICR Code (9 Digit) : **380066011**

પેમેન્ટ કર્યા બાદ આપે **oia_odhav@yahoo.com** ઉપર પેમેન્ટ અંગેની માહિતી (પેમેન્ટ રીસીપ્ટ, મેમ્બરશીપ નંબર, પ્લોટ નંબર અને તારીખ) ફરજિયાતપણે Email ID કરવાની રહેશે.

**GSTN: 24AAAAO0061E2Z8**

**ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. માત્ર પાણીના રેગ્યુલર બીલના પેમેન્ટ માટે જ**

**ODHAV ESTATE INFRASTRUCTURE DEVLOPMENT LTD.**

Bank Name : **The Ahmedabad Mercantile Co-Op. Bank Ltd.**
Bank Branch : **Odhav Branch**
Bank Account No.: **066011101004460**
RTGS/NEFT/IFSC : **AMCB0660011**
MICR Code (9 Digit) : **380066011**

પેમેન્ટ કર્યા બાદ આપે **odhaveidl@gmail.com** ઉપર પેમેન્ટ અંગેની માહિતી (પેમેન્ટ રીસીપ્ટ, કનેક્શન નંબર, પ્લોટ નંબર, રકમ અને તારીખ) ફરજિયાતપણે Email ID કરવાની રહેશે.

**GSTN: 24AAACO8836H1ZC**

### પાણીના મીટર અંગે

ઓઢવ ઔધોગિક વસાહતના દરેક ઉદ્યોગકારોને ખાસ જણાવવાનું કે, આપના **પાણીના કનેકશનના મીટર બંધ હોય તેમજ મીટર પર સીલ ન લગાવેલ હોય તો** તેની જાણ તાત્કાલિક ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. ની ઓફિસે કરશો. જો તપાસ કરતા માલુમ પડશે કે આપનું પાણીનું મીટર છેલ્લા કેટલાંક સમયથી બંધ છે અને તેના ઉપર સીલ લગાવેલ નથી તો આપનું પાણીનું કનેક્શન કાપી નાખવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી આપશ્રીને રહેશે. જેની નોંધ લેશો.

➡ ઓઢવ ઔધોગિક વસાહતના તમામ યુનિટ ધારકોને જણાવવાનું કે આપના પાણીના મીટરના ઈનપુટ અને આઉટપુટ કનેક્શન આપે ગેલ્વેનાઈઝડ કરવાના રહેશે.

➡ મીટર બદલવાની સુચના મળે ત્યારે **પાણીના મીટર બદલવાનો ચાર્જ રૂ. 200/- +18 % GST અને સીલ લગાવવાનો ચાર્જ રૂ.150/- +18 % GST** સાથેનો ચેક એસોસીએશન ઓફિસે જમા કરવી મીટર બદલવા માટે રીક્વેસ્ટ લખાવવાની રહેશે.

➡ પાણીના કનેક્શનની સાઈઝ મુજબ ફિલ્ટર બદલવાનો ચાર્જ નીચે મુજબનો છે.
★ 15mm માટે રૂ.400/- +18 % GST, ★ 20mm માટે રૂ.450/- +18 % GST, ★ 25mm માટે રૂ.525/- +18 % GST

➡ **ઓઢવ ઈન્ડ. એસોસીએશનના તમામ મેમ્બર માટે પ્રથમ ફિલ્ટર ફી (FEE) માં નાખી આપવામાં આવશે.**

➡ ભવિષ્યમાં ફિલ્ટર બદલવાનું થાય તો જે ભાવ ચાલતો હશે તે મુજબ ચૂકવવાનો રહેશે.

➡ પાણીનું મીટર બદલવા માટે મીટર બદલવાનો ચાર્જ ચેક દ્વારા ચૂકવ્યા બાદ ક મીટર બદલવામાં આવશે.

➡ પાણીનું મીટર બદલવા અંગે આપેલ નોટીસ બાદ મીટર બદલવા માટે અરજી નહી કરો તો આપને પેનલ્ટી સાથે નોટીસ આપી પેનલ્ટી વસુલ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## No Due / NOC / 2-R મેળવવા અંગે

ઓઢવ ઔધોગિક વસાહતના દરેક શેડ માલિકોને જણાવવાનું કે, ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. નું No Due / NOC / 2-R મેળવવા માટે યુઝર કોન્ટ્રીબ્યુશન **(મ્યુનીસીપલ પ્રોપર્ટી ટેક્ષ બીલ વર્ષ 2015-2016 ના 300 % લેખે અને તે રકમ ઉપર તા. 31.03.2016 ના રોજ થી 18 % વ્યાજ અને તેના 18 % GST સહિત)** ભરવું ફરજીયાત છે. No Due / NOC / 2-R મેળવવા માટે નીચે પ્રમાણે કાગળો રજુ કરવા.

**<u>2-R પરમીશન / નો-ઓબ્જેક્શન માટે</u>**

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ પાણીના ભરેલા બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ વીજળી બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ NOC સર્ટીફીકેટ ફી :-

  મેમ્બર માટે : રૂ.1000/- + 18 % GST

  નોન મેમ્બર માટે : રૂ.2000/- + 18 % GST

**<u>પાણીનું નો-ડ્યુ માટે</u>**

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ પાણીના ભરેલા બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ વીજળી બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ NC સર્ટીફીકેટ ફી :-

  મેમ્બર માટે : રૂ.500/- + 18 % GST

  નોન મેમ્બર માટે : રૂ.1000/- + 18 % GST

## પાણીના બીલમાં નામ બદલવા અંગે

**પાણીના બીલમાં નામ બદલવા અંગે નીચ પ્રમાણે કાગળો રજુ કરવા.**

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ ચાલુ મહિનાનું પાણીનું બીલ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ રૂ.1000/- + 18 % GST (દાખલ ફી)
- ★ પાણીના બીલમાં નામ બદલવા માટેનું ફોર્મ.
- ★ ચાલુ મહિનાનું વીજળી બીલ.
- ★ યુઝર કોન્ટ્રીબ્યુશનભરેલ હોવું જોઈએ.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ દરેકની ઝેરોક્ષ અને ઝેરોક્ષમાં સહી-સિક્કા કરાવવા.

આપના પ્લોટ/શેડની આજુબાજુ, બહાર કે શેડ ઉપર ક્યાય પણ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટને લગતો કચરો, બફિંગનો કચરો, માટી તેમજ ગેર-કાયદેસરનું બાંધકામ આ તમામ બાબતો દુર થશે ત્યારબાદ જ આપશ્રીને આપણા પ્લોટ/શેડ ઉપર જે તે No Due / NOC / 2-R તેમજ New life Membership આપવામાં આવશે.

આપના પ્લોટ/શેડનો **Email ID તથા WhatsApp Number તાત્કાલિક ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફિસે રજીસ્ટ્રર કરાવશો** જેથી સમયસર આપના સુધી મહત્વની માહિતીઓને માહિતગાર કરી શકાય.




***Save Water - Save lives,***
***No Water - No Life.....***
***please think before you waste water.....***

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## એસોસીએશનનાં સભ્યો અને સહયોગીઓ માટે તાલીમ સાથે સેમીનાર

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ઉદ્યોગકાર મિત્રો અને કર્મચારીઓના વ્યવસાયિક અને વ્યક્તિત્વ વિકાસ માટે દર મહીને નિ:શુલ્ક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે જેની વિગતો નીચે મુજબ છે. આપ સૌ આ કાર્યક્રમમાં ભાગ લો તેવી નમ્ર વિનંતી છે.

| S/No. | Subject | Duration | Date* |
|---|---|---|---|
| 1 | Stress Management: Manage stress, be happy and effective at work | 2 hours | 27/01/2024 |
| 2 | Time Management: Beat Work Overload, be more effective at work, Achieve More | 2 hours | 24/02/2024 |
| 3 | Effective Communication And Skill Development | 2 hours | 30/03/2024 |
| 4 | Good Habits of emailing | 2 hours | 27/04/2024 |
| 5 | Decision Making: How to make better decisions | 2 hours | 25/05/2024 |
| 6 | Problem-Solving: Solving Complex Business Problems | 2 hours | 29/06/2024 |
| 7 | Team Management: The Skill you need to be a Great Boss | 2 hours | 27/07/2024 |
| 8 | Leadership skils: Become an Exceptional Leader | 2 hours | 31/08/2024 |
| 9 | Key Elements of Business growth and sustainability | 2 hours | 28/09/2024 |
| 10 | Strategic Business Planning | 2 hours | 26/10/2024 |
| 11 | Career Skills: Thinking about you and your career | 2 hours | 30/11/2024 |

*** તાલીમ કાર્યક્રમની તારીખો પરિસ્થિતિ અનુસાર બદલી શકાય છે, પુષ્ટિ કરવા માટે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન સાથે સંપર્કમાં રહો.**

ફેકલ્ટી : **ડૉ. દિવ્યેશ લાડવા (કન્સલ્ટન્ટ, કોર્પોરેટ ટ્રેનર અને કોચ)**

સ્થળ : **કોમન ફેસીલીટી સેન્ટર, ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, ઓઢવ, અમદાવાદ.**

સમય : **બપોરે 03:00 થી સાંજે 05:00 વાગ્યા સુધી...**

<u>નોંધણી :</u> **કંપનીના લેટરપેડ ઉપર કાર્યક્રમમાં ભાગ લેનારનું નામ અને મોબાઈલ નંબર સાથે એસોસીએશન ઓફિસે મોકલાવો** અથવા **એસોસીએશનની વેબસાઈટ www.odhavindustries.org ઉપર લોગ ઈન કરી આપનું રજીસ્ટ્રેશન કરાવશો.**

**ફોન નં. : ૨૨૮૯ ૨૩૭૨**

# ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન
## સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર

એલ-૨૧૩, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ - ૩૮૨ ૪૧૫.

(PHC - ઈન્ચાર્જ : શ્રી મનુભાઈ પટેલ)

તપાસ તેમજ દવાનો ચાર્જ
નિશુલ્ક (મફત)

**સમય**
બપોરે : 02:00 થી 05:00 કલાકે

સોમવાર થી શનિવાર
રવિવારે રજા રહેશે.

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**